

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-26 ■ અંક-34 ■ તા. 28-08-2022 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખાદી ઉત્સવમાં રેટિયો કાંત્યો,શહેરમાં બનેલ અટલ બ્રિજનું લોકાર્પણ કર્યું

અમદાવાદ,તા.૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજથી બે દિવસની ગુજરાતની મુલાકાતે આવી પહોંચ્યા છે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમની ગુજરાત મુલાકાતના પ્રથમ દિવસે અમદાવાદમાં અટલ ફૂટ-ઓવર બ્રિજનું ઉદ્‌ઘાટન કર્યું હતું ભૂતપૂર્વ વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીના નામ પરથી આ ફૂટબ્રિજ સાબરમતી રિવરફ્રન્ટ પર એલિસ બ્રિજ અને સરદાર બ્રિજ વચ્ચે બાંધવામાં આવ્યો છે. પદયાત્રીઓ માટે બનાવવામાં આવેલો અટલ પુલ ખૂબ જ સુંદર છે. તેની સજાવટ પણ અદ્ભુત રીતે કરવામાં આવી છે. આ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમદાવાદના વિમાની મથકે આવી પહોંચ્યા હતાં રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ વડાપ્રધાનનું સ્વાગત કર્યું હતું આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત કે.કૈલાશનાથન, મંત્રી જગદીશ પંચાલ, અમદાવાદના મેયર કિરીટ પરમાર, મુખ્ય સચિવ પંકજ કુમાર, ડીજીપી આશિષ ભાટિયા અને અમદાવાદ પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવ સહિતના ઉચ્ચ અધિકારીઓ એરપોર્ટ પહોંચી ગયા હતાં બાદમાં ગુજસેલના પહેલા માળે વડાપ્રધાન મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના ભાજપના સંગઠનના નેતાઓની સાથે બંધ બારણે બેઠક કરી હતી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અધિકારીઓ સાથે પણ ચર્ચા વિચારણા કરી હતી અને મેટ્રો પ્રોજેકટ અંગે ચર્ચા કરી હતી સુત્રોના જણાવ્યા



અનુસાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મેટ્રો પ્રોજેકટની કામગીરીને લઈને અધિકારીઓનો ઉઘડો લીધી હતો વિમાની મથકેથી પાંચ વાગ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સીધા રીવરફ્રન્ટ ખાતે ખાદી ઉત્સવમાં પહોંચ્યા હતાં અહીં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રેટિયો કાત્યો હતો.અને મહિલાઓના ખબર અંતર પુછયા હતાં. આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ હાજર રહ્યાં હતાં આ પ્રસંગે અમદાવાદના મેયર ગીરીશ પરમાર,કુટીર ઉદ્યોગ મંત્રી, ગૃહમંત્રી હાજર રહ્યાં હતાં. અહીં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સ્વાગત કર્યું હતું.કુટિર ઉદ્યોગ મંત્રી જગદીશ પંચાલે સૌ પ્રથમ સંબોધન કર્યું હતુ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી આઝાદીનો ૭૫ જન્મ દિવસ મનાવી રહ્યો છે.બાપુએ વિદેશી વસ્તુઓનો ત્યાગ અને સ્વદેશની વસ્તુઓની ભાવના જગાડી હતી તેવી જ રીતે રાજયભરમાંથી ભાગ લેનારી ૭૫૦૦ મહિલા પણ ચરખો કાંતી ખાદી ગ્રામોદ્યોગને પ્રોત્સાહન આપ્યું છે દેશમાં યુવાનોમાં ખાદી કલ્ચર જાગ્યુ છે.આ પ્રસંગે વડાપ્રધાને રિમોટ કંટ્રોલ દ્વારા અટલ ફુટબ્રિજનું ઉદ્‌ઘાટ કર્યું હતું.તેમણે ખાદી ઉદ્યોગ ભવનનું પણ ઉદ્‌ઘાટન કર્યું હતું.

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આજે ''ખાદી ઉત્સવ''નો અનોખો કાર્યક્રમ યોજાયો હતો જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાજરી આપી આપી હતી અહીં ૭૫૦૦ મહિલા ખાદી-કારીગરો એક જ સમયે એકસાથે ચરખાનું જીવંત નિદર્શન કર્યું હતું જેમાં રાજયભરમાંથી ચરખા સાથે જોડાયેલા લોકોને બોલાવવામાં આવ્યા છે.સાબરમતી રિવરફ્રન્ટ પર આવેલા તમામ લોકો સફેદ કપડાં પહેરીને આવે તેવો આગ્રહ રાખવામાં આવ્યો હતો

સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ખાદી ઉત્સવમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી બારડોલીના સત્યાગ્રહમાં ઉપયોગમાં લેવાયેલો ૯૪ વર્ષ જૂનો ચરખો કાંત્યો હતો રાજયભરમાંથી ભાગ લેનારી ૭૫૦૦ મહિલા પણ ચરખો કાંતી ખાદી ગ્રામોદ્યોગને પ્રોત્સાહન આપવાનો મેસેજ આપ્યો હતો મોદી ૧૯૨૦થી અત્યારસુધી ઉપયોગમાં લેવામાં આવેલા ૨૨ ચરખા પણ નિહાળ્યા હતાં આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે ખાદીના મહત્ત્વને દર્શાવવા આ વિશેષ ઉત્સવનું આયોજન કરાયું હતું. સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન ખાદીનું જે વિશેષ મહત્ત્વ હતું એને પણ કાર્યક્રમમાં ઉજાગર કરવામાં આવશે. વિશ્વમાં આ પ્રકારનું આયોજન પ્રથમ વખત જ થઈ છે. ભાગ લેનારી મહિલાઓ સફેદ સાડી પર તિરંગાનું અંગવસ્ત્ર પહેર્યા હતાં રાજયમાંથી આવેલા ૭૫ રાવણહથ્થા કલાકારો વડાપ્રધાનનું સ્વાગત કર્યું હતું આ પ્રસંગે મોટી સંખ્યામાં મહિલાઓ તથા નાગરિકો હાજર રહ્યાં હતાં.

આવતીકાલે વડાપ્રધાન મોદી કચ્છ-ભુજ નર્મદા કેનાલની બ્રાન્ચ કેનાલનું લોકાર્પણ કરશે. જેના લીધે કેનાલથી ૯૪૮ ગામ અને ૧૦ શહેરોને પાણીનો લાભ મળશે. તેમજ મોદી ગાંધીનગર કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. જ્યારે મહાત્મા મંદિર ખાતે કાર્યક્રમમાં પણ તેઓ ઉપસ્થિત રહેશે.

### પંજાબમાં ખેડૂતોએ ફરી આંદોલનની ચીમકીઉચ્ચારી

## ૩૦ ઓગસ્ટ સુધીમાં શેરડીની બાકી રકમ ચૂકવવામાં નહીં આવે તો આંદોલન કરવામાં આવશે

### ખેડૂતો રાજ્યના કેબિનેટ મંત્રીઓની ઓફિસ અને નિવાસસ્થાનની બહાર વિરોધ પ્રદર્શન કરશે.



ચંડીગઢ,તા.૨૭

પંજાબના ખેડૂતો આ દિવસોમાં રાજ્ય સરકારથી નારાજ છે. રાજ્યના ખેડૂતોની નારાજગી આ વખતે શેરડીની બાકી રકમ બની છે. ભૂતકાળમાં આ અંગે ખેડૂતોએ આંદોલનની તૈયારીઓ શરૂ કરી દીધી હતી. પરંતુ મુખ્યમંત્રી ભગવંત માનની દરમિયાનગીરી બાદ એટલે કે માગણીઓ સ્વીકારવામાં આવતા ખેડૂતોએ આંદોલન મોકૂફ રાખવાનો નિર્ણય કર્યો હતો. પરંતુ હાલના સંજોગોમાં ખેડૂતો ફરી એકવાર પોતાની માગણીઓ માટે આંદોલન કરવાની તૈયારી કરી રહ્યા છે. આ સંદર્ભે, સંયુક્ત કિસાન મોરચા (એસકેએમ)ના બેનર હેઠળ ૩૧ ખેડૂત યુનિયનોએ ૩૦ ઓગસ્ટના રોજ બાકી ચૂકવણી ન કરવા પર આંદોલનની ચેતવણી આપી છે.

સંયુક્ત કિસાન મોરચાના બેનર હેઠળ એકઠા થયેલા ૩૧ ખેડૂત યુનિયનના સભ્યોએ પંજાબ સરકારને ૩૦ ઓગસ્ટે શેરડીની બાકી રકમની ચુકવણી કરવાની માગ કરી છે. સાથે જ ખેડૂતોએ એવી સ્પષ્ટતા કરી છે કે જો બાકી રકમ ચૂકવવામાં નહીં આવે તો ૫મી સપ્ટેમ્બરથી ફરી આંદોલન શરૂ કરવામાં આવશે. જે અંતર્ગત ખેડૂતો રાજ્યના કેબિનેટ મંત્રીઓની ઓફિસ અને નિવાસસ્થાનની બહાર વિરોધ પ્રદર્શન કરશે.વાસ્તવમાં ખેડૂતોએ ૨૪ કરોડ રૂપિયાની શેરડીની બાકી ચૂકવણી કરવાની છે. જેના માટે ખેડૂતો આ દિવસોમાં જલંધર-ફગવાડા હાઈવે પર ધરણા કરી રહ્યા છે. આ ક્રમમાં ભાવિ રણનીતિ નક્કી કરવા માટે બેઠક યોજાઈ હતી. જેમાં માગણીઓ નહીં સંતોષાય ત્યાં સુધી તેમજ ૩૦મી ઓગસ્ટ સુધી હડતાળ ચાલુ રહેશે અને ત્યારબાદ ૫ સપ્ટેમ્બરથી આંદોલન શરૂ કરવામાં આવશે.

શેરડીની બાકી ચૂકવણી માટે આંદોલનની ચેતવણી આપતા ખેડૂતોએ અગાઉ ૩ ઓગસ્ટથી આંદોલનની તૈયારીઓ કરી લીધી હતી. પરંતુ, આ પહેલા ખેડૂત આગેવાનો અને મુખ્યમંત્રી ભગવંતમાન વચ્ચે ૪ કલાક ચાલેલી બેઠક બાદ ખેડૂતોએ તેમનું આંદોલન સ્થગિત કરી દીધું હતું. વાસ્તવમાં, બેઠકમાં મુખ્ય પ્રધાન ભગવંતમાને શેરડીના બાકી ચૂકવણી સહિત ખેડૂત સંગઠનોની મોટાભાગની માગણીઓ સ્વીકારી હતી. જે બાદ ખેડૂત નેતાઓ ૩ ઓગસ્ટે તેમના પ્રસ્તાવિત આંદોલનને સમાપ્ત કરવા માટે સંમત થયા હતા.આ દરમિયાન મુખ્યમંત્રીએ કહ્યું હતું કે તેઓ ખેડૂતોના કલ્યાણ માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે.જે અંતર્ગત તેમના કાર્યકાળ દરમિયાન ખેડૂતોએ તેમની સાચી માગણીઓ માટે આંદોલન કરવું નહીં પડે. બેઠકમાં નિર્ણય લેવાયો હતો કે ૭ ઓગસ્ટ સુધીમાં ખેડૂતોને એરિયર્સ ચૂકવી દેવામાં આવશે.

## સોનાલી ફોગાટ ડેથ કેસ:પીએ સુધીર, મિત્ર સુખવિન્દર ૧૦ દિવસની પોલીસ કસ્ટડીમાં

પણજી,તા.૨૭

હરિયાણાના હિસારથી ભાજપ નેતા અને ટિક ટોક સ્ટાર સોનાલી ફોગાટના મોત મામલે ગોવા પોલીસે કર્લીઝ ક્લબના માલિક અને એક ડ્રગ પેડલરની ધરપકડ કરી છે. આ કેસમાં અત્યાર સુધીમાં સુધીર સાંગવાન અને સુખવિન્દર સહિત ૪ની ધરપકડ કરવામાં આવી છે. પોલીસને કર્લીસ ક્લબના બાથરૂમમાંથી ડ્રગ્સ પણ મળી આવ્યું હતું. ગોવાના આઈજી ઓમવીર બિશ્નોઈએ આ વાતની પુષ્ટિ કરી છે. કોર્ટે સુખવિન્દર સિંહ અને સુધીર સાંગવાનને ૧૦ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી દીધા છે.

આ દરમિયાન ગોવા કોંગ્રેસ પણ આ મામલે પોલીસ અને ભાજપ પર આક્રમક બની ગઈ છે. ગોવા કોંગ્રેસના નેતા માઈકલ લોબો આરોપ લગાવ્યા છે કે પોલીસ સોનાલી ફોગાટ હત્યા કેસને ભીનું સંકેલવાનો પ્રયાસ કરી રહી છે, તેથી આ કેસની સીબીઆઈ તપાસ થવી જોઈએ.ગોવાના ડીજીપી જસપાલ સિંહના જણાવ્યા અનુસાર, સુધીર અને સુખવિન્દરે કબૂલાત કરી છે કે તેઓએ ૨૨ ઓગસ્ટની રાત્રે સોનાલીને બળજબરીપુર્વક ડ્રગ્સ આપ્યું હતુ. સોનાલીને પ્રવાહીમાં ભેળવીને કેમિકલ આપવામાં આવ્યું હતું. જ્યારે ડ્રગ્સના ઓવરડોઝના કારણે સોનાલીની તબિયત લથડી હતી, ત્યારે બંને તેને વોશરૂમમાં લઈ ગયા હતા. બંને બે કલાક સોનાલી સાથે વૉશરૂમમાં જ બેઠાં હતાં.

ટીકટોક સ્ટાર અને ભાજપ નેતા સોનાલી ફોગાટ ડેથ કેસમાં કડક પગલાં લેવામાં આવ્યાં છે. ગોવા પોલીસે ક્લબના માલિકની ધરપકડ કરી છે. આ પહેલાં પોલીસે સોનાલીના પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને પરિવારના આક્ષેપો પછી સુધીર સાંગવાન અને સુખવિન્દરની ધરપકડ કરી હતી.સોનાલી ફોગાટના મૃત્યુના મામલે પોલીસે ગોવાના અંજુના બીચ નજીક આવેલા કર્લીસ ક્લબના માલિકની ધરપકડ કરી છે. એ સાથે જ પોલીસે બાથરૂમમાંથી ડ્રગ ઝડપી લીધું છે. આ કેસમાં પોલીસે અત્યાર સુધી ચાર આરોપીઓની ધરપકડ કરી છે. ફોગાટના પીએ સુધીર સાંગવાન, સુખવિન્દર સિંહ, કર્લી ક્લબના માલિક અને ડ્રગ પેડલરની પણ ધરપકડ કરી છે.સુધીર સાંગવાન અને સુખવિન્દર સિંહ ૨૨ ઓગસ્ટે સોનાલી ફોગાટ સાથે ગોવા પહોંચ્યા હતા. પછી આ ઘટના બની હતી. સોનાલી ફોગાટના શરીરે ઈજાના નિશાન મળી આવ્યા છે. બીજી તરફ ગોવા પોલીસે સીસીટીવી જપ્ત કર્યા છે. જેમાં સુધીર બોટલથી સોનાલીને કાંઈક પીવડાવતો જોવા મળે છે. પણ ટીકટોક સ્ટાર વારંવાર તેને રોકી રહી છે. પોલીસને શંકા છે કે એ પદાર્થ સ્હ્રસ્છ ડ્રગ છે જે સોનાલીને અપાઈ રહ્યું છે. હજુ આ પ્રકરણમાં કેમિકલની તપાસ કરવાની બાકી છે.ગોવા પોલીસના આઈજી ઓમવીર સિંહે જણાવ્યું કે સોનાલી ફોગાટને બળજબરીથી ડ્રગ્સ પીવડાવવામાં આવ્યું હતું, ત્યારબાદ તેની તબિયત લથડી હતી.સવારે ૪:૩૦ વાગ્યે જ્યારે તેને ભાન ન રહ્યું, ત્યારે આરોપી તેને ટોયલેટમાં લઈ ગયો હતો, ૨ કલાક સુધી તેણે શું કર્યું? આ બાબતે આરોપીએ જવાબ આપ્યો નથી, અમે તમામ સીસીટીવી ફૂટેજ જોયા છે અને બંને આરોપીઓની ધરપકડ કરી લીધી છે.આઈજી ઓમવીર સિંહે કહ્યું કે આરોપીઓની પૂછપરછ કરવામાં આવી રહી છે અને ફોરેન્સિક ટીમ સાથે તેમને ઘટનાસ્થળે લઈ જવામાં આવી રહ્યા છે. અમને લાગે છે કે જે તેને બળજબરીપૂર્વક ડ્રગ્સ આપવામાં આવ્યું હતું, તેનાથી જ તેનું મોત થયું છે, તે પાર્ટીમાં વધુ બે યુવતીઓ પણ હતી. જેમની ઓળખ થઈ ગઈ છે અને તેમને પણ પૂછપરછ માટે બોલાવવામાં આવી રહ્યા છે.

### આરએસએસ સાથે સંકળાયેલા સંગઠનોમાં ફેરફાર થશે

## ડિજિટલ યુગ અને બદલાતા ભૌગોલિક અને આર્થિક વાતાવરણ અનુસાર તેમની રચના થશે



નાગપુર,તા.૨૭

૨૫ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ની સ્થાપનાના ૧૦૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ અવસર પર સંઘ તેની સાથે જોડાયેલા ૪૦ થી વધુ સંગઠનોનું પુનર્ગઠન કરશે. ડિજિટલ યુગ અને બદલાતા ભૌગોલિક અને આર્થિક વાતાવરણ અનુસાર તેમની રચના, પ્રકૃતિ અને જવાબદારીઓમાં બદલાવ કરાશે. આ પ્રક્રિયા સપ્ટેમ્બર ૨૦૨૨ થી ૩ વર્ષ સુધી ચાલશે.છેલ્લા ૯૭ વર્ષોમાં, સંઘે પોતાના અનેક સંગઠનો બનાવ્યા છે અને ૮૦ થી વધુ દેશોમાં કામ કરી રહ્યું છે. શિક્ષણ, સમાજ સેવા, પ્રકાશનો, થિંક ટેક્ર જેમ કે, સંઘ ત્રણ ડઝનથી વધુ વિષયો પર વર્ષોથી કામ કરે છે. હવે સંઘને લાગે છે કે આમાં ફેરફાર કરવાની જરૂર છે.

ભારતીય મજૂર સંઘ શ્રમિકોના હિત માટે કાર્યરત છે. પરંતુ હવે મજૂરોની સ્થિતિમાં પહેલા કરતા ઘણા ફેરફારો થયા છે. આ અર્થમાં ભારતીય મજૂર સંઘમાં ફેરફાર કરવામાં આવશે. તેવી જ રીતે ખેડૂતોની સ્થિતિ પણ બદલાઈ ગઈ છે. ખેતીનું સ્વરૂપ બદલાયું છે, ખેડૂતોની જરૂરિયાતો બદલાઈ છે, પરંતુ ભારતીય કિસાન સંઘની કાર્યશૈલી એ જ છે.

નવા ફેરફાર હેઠળ સંસ્થાઓનું ડિજીટલાઈઝેશન થશે. એપ્લિકેશન આધારિત ફોર્મેટથી વાસ્તવિક સમયમાં સમસ્યા હલ કરશે. પર્યાવરણ સંરક્ષણ બાબતે ડેડિકેટેડ વિંગ બનાવવામાં આવશે. શૈક્ષણિક શિબિરો અને વર્ગોનું જાહેર સ્થળોથી ઘર સુધી પહોંચાડાશે.પ્રકાશન વર્ગને વય અને જરૂરિયાત આધારિત સામગ્રીમાં વિભાજીત કરીને વિષયો પ્રદાન કરવા. સમાજીક સેવા કાર્યોમાં આપત્તિ દરમિયાન મદદ પૂરી પાડવાની સાથે, આપત્તિની ચેતવણી અને તેને રોકવાની રીતો પર ધ્યાન કેન્દ્રિત કરવા જેવા વિષયોનો સમાવેશ કરવામાં આવશે.વિશ્વ હિન્દુ પરિષદ, સેવા ભારતી, સ્વદેશી જાગરણ મંચ, વનવાસી કલ્યાણ આશ્રમ, ભારતીય કિસાન સંઘ, ભારતીય મજૂર સંઘ, વિશ્વ સંવાદ કેન્દ્ર, રાષ્ટ્ર સેવિકા સમિતિ, અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ, મુસ્લિમ રાષ્ટ્રીય મંચ, રાષ્ટ્રીય શીખ સંગત, હિન્દુ જાગરણ મંચ, હિન્દુ સ્વયંસેવક સંઘ, વિવેકાનંદ કેન્દ્ર, વિદ્યા ભારતી, સહકાર ભારતી.

## પટાવાળાઓ કોંગ્રેસ અંગે જ્ઞાન આપે છે ત્યારે હંસી આવે છે : કોંગ્રેસના સાંસદ મનીષ તિવારી

નવીદિલ્હી,તા.૨૭

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને રાજ્યસભામાં વિપક્ષના નેતા ગુલામ નબી આઝાદે શુક્રવારે સોનિયા ગાંધીને પાંચ પાનાનો પત્ર લખીને પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે. આ રાજકીય ઘટના બાદ રાજ્યસભા સાંસદ મનીષ તિવારીએ ફરી એકવાર પોતાની પાર્ટીને સલાહ આપી છે. તેમણે કહ્યું છે કે જો જી-૨૩એ પાર્ટીની સ્થિતિ અંગે કોંગ્રેસ સુપ્રીમોને પત્ર લખ્યો હતો, જો તેના પર ધ્યાન આપવામાં આવ્યું હોત તો આજે આવી સ્થિતિ સર્જાઈ ન હોત. સાથે જ પોતાની સ્થિતિ સ્પષ્ટ કરતાં તેમણે કહ્યું કે હું ભાડુઆત નથી, પરંતુ આ પાર્ટીનો સભ્ય છું.કોંગ્રેસના સાંસદ મનીષ તિવારીએ શનિવારે કહ્યું હતું કે તેઓ આઝાદના પાંચ પાનાના પત્રની યોગ્યતા પર ટિપ્પણી કરવા માંગતા નથી જેમાં તેમણે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીની ટીકા કરી હતી. તેમણે કહ્યું કે તે સમજાવવા માટે શ્રેષ્ઠ સ્થિતિમાં હશે. જ્યારે કોંગ્રેસના નેતાઓના પટાવાળાઓ પાર્ટી વિશે જ્ઞાન આપે છે, ત્યારે તે હાસ્યનું પાત્ર છે .મનીષ તિવારીએ કહ્યું કે બે વર્ષ પહેલા અમારામાંથી ૨૩ લોકોએ કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીને પત્ર લખ્યો હતો અને કહ્યું હતું કે કોંગ્રેસની સ્થિતિ ચિંતાજનક છે જેના પર વિચાર કરવાની જરૂર છે. ઘણા લોકો, પરિવારોએ તેમના લોહીથી કોંગ્રેસના બગીચાને ખજાનો આપ્યો છે. કોઈને કંઈક મળ્યું હોય તો તેમને દાનમાં મળ્યું નથી.

ગુલામ નબી આઝાદના રાજીનામા પર કોંગ્રેસના સાંસદ મનીષ તિવારીએ કહ્યું કે અમને કોઈના સર્ટિફિકેટની જરૂર નથી. મેં આ પાર્ટીને ૪૨ વર્ષ આપ્યા છે. મેં આ અગાઉ પણ કહ્યું હતું કે, "અમે આ સંસ્થા (કોંગ્રેસ)ના ભાડુઆત નથી, અમે સભ્યો છીએ". હવે જો તમે અમને બહાર ધકેલવાનો પ્રયત્ન કરશો તો તે બીજી વાત છે અને તેને યોગ્ય રીતે જોવામાં આવશે.મનીષ તિવારીએ કહ્યું કે ઉત્તર ભારતના લોકો જે હિમાલયની ટોચ તરફ રહે છે, તેઓ જુસ્સાદાર, આત્મવિશ્વાસ ધરાવતા લોકો છે. છેલ્લા ૧૦૦૦ વર્ષોથી, તેમની અસર આક્રમણકારો સામે લડવામાં આવી છે. આ લોકોની ધીરજની પરીક્ષા ન લેવી જોઈએ.કોંગ્રેસના સાંસદ અધીર રંજન ચૌધરીએ કહ્યું કે તેમના માટે કોંગ્રેસમાં કોઈ વસ્તુની કમી નથી. આજે જ્યારે તેમને લાગ્યું કે તેમને કોંગ્રેસમાંથી રાજ્યસભાની ટિકિટ નહીં મળે તો તેમણે કોંગ્રેસ છોડી દીધી. લોકોએ આવા તકવાદી નેતાઓ વિશે જાણવું જોઈએ.

## ભારતીય અર્થવ્યવસ્થા નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ૭.૪ ટકાના દરે વૃદ્ધિ કરશે. : નાણાંમંત્રી

નવીદિલ્હી,તા.૨૭

દરેક દેશ માટે તેની અર્થવ્યવસ્થા ખૂબ જ મહત્વપૂર્ણ છે. મજબૂત અર્થવ્યવસ્થાથી દેશ પ્રગતિ તરફ આગળ વધી શકે છે. તો હવે કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે ભારતના અર્થતંત્રના વિકાસ વિશે વાત કરી છે. કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે કહ્યું છે કે ભારતીય અર્થવ્યવસ્થા નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ૭.૪ ટકાના દરે વૃદ્ધિ કરશે. તેમણે કહ્યું કે આ ગતિ આગામી નાણાકીય વર્ષમાં પણ ચાલુ રહેશે. આ સાથે નિર્મલા સીતારમણે મફત ભેટો અંગે નક્કર ચર્ચાની જરૂરિયાત વ્યક્ત કરી છે.

સીતારમને એક કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, પ્રવૃત્તિઓ પર આધારિત અંદાજો સૂચવે છે કે અમે ચોક્કસપણે ૭.૪ ટકાના સ્તર પર હોઈશું અને અન્ય સંસ્થાઓની વૃદ્ધિની આગાહીનો ઉલ્લેખ કર્યો. સીતારમણે જણાવ્યું હતું કે ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ અને વર્લ્ડ બેંક્રે આગામી બે નાણાકીય વર્ષ માટે ભારતનો વિકાસ દર સૌથી ઝડપી રહેવાનો અંદાજ મૂક્યો છે અને તેમનો અંદાજ પણ ભારતીય રિઝર્વ બેંક્રના અંદાજ સાથે મેળ ખાય છે.

નાણામંત્રીએ કહ્યું કે વૈશ્વિક પરિસ્થિતિ સતત પડકારરૂપ બની રહી છે અને પરિસ્થિતિ અંગે સાવચેત રહેવાની જરૂર છે. તેમણે કહ્યું કે નિકાસ ક્ષેત્રે મુશ્કેલીઓનો સામનો કરવો પડશે, કારણ કે વૈશ્વિક વૃદ્ધિ ધીમી પડી છે. સરકાર આ સંસ્થાઓ સાથે મળીને કામ કરશે, જેથી તેઓ પ્રતિકૂળતાનો સામનો કરી શકે. સીતારમણે વધુમાં જણાવ્યું કે મફત ભેટો પર નક્કર ચર્ચાની જરૂર છે. તો તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ચૂંટણી પહેલા વચનો આપતી રાજકીય પાર્ટીઓએ ખર્ચની કાળજી લેવા માટે બજેટમાં જોગવાઈ કરવી જોઈએ, અને અન્ય સંસ્થાઓ પર બોજ ન નાખવો જોઈએ. નાણાપ્રધાને કહ્યું કે વીજ વિતરણ કંપનીઓ અને જનરેશન કંપનીઓને આવી મફત સુવિધાઓનો માર સહન કરવો પડે છે.

# તંત્રી લેખ

## જનતાના શોષણનું માધ્યમ બનેલો દવાઓનો વેપલો

ભારતમાં દવાઓનો ધંધો બેલગામ થઈ ગયો છે અને તે જનતાના શોષણનું માધ્યમ બની ગયો છે. એકીકૃત સ્વાસ્થ્ય નીતિનો અભાવ આ શોષણને ઉત્તેજન આપનારું કારણ છે. ૧૪૦ કરોડની આબાદીવાળા દેશમાં દવા અને સહાયક ઉપકરણોના કારોબારને નૈતિકતાના ધરાતલ પર વિનિયમિત કરવાનું કોઈ કાનૂની તંત્ર આજ સુધી વિકસિત નથી થઈ શક્યું. પરિણામે જનતાનું આર્થિક શોષણ તો ચાલુ છે જ, બિનજરૂરી દવાઓના સેવનનો સિલસિલો પણ વધી રહ્યો છે. સુપ્રીમ કોર્ટમાં એક જનહિત અરજી દ્વારા ડોક્ટરો અને દવા કંપનીઓના જે અનૈતિક ગઠબંધન પર હાલમાં દેશભરમાં ચર્ચા છેડાઈ છે, તે કોઈ નવી બાબત નથી. અરજીમાં આરોપ લગાવવામાં આવ્યો કે એક કંપનીએ 'ડોલો-૬૫૦' ગોળીનું વેચાણ વધારવા માટે ડોક્ટરોને એક હજાર કરોડ રૂપિયાની લાંચ આપી. એકલા કોરોના કાળમાં જ ડોલો ૬૫૦ એમજીની લગભગ ૩૫૦ કરોડ ગોળીઓ વેચાઈ ગઈ. સુપ્રીમ કોર્ટમાં આ કેસની સુનાવણી કરી રહેલા જજ ડી.વાય. ચંદ્રચૂડે ખુદ કહ્યું કે કોવિડ દરમ્યાન ડોક્ટરે તેમને પણ આ જ ગોળીની સલાહ આપી હતી. સ્પષ્ટ છે કે ડોલોનું રેકોર્ડ વેચાણ સામાન્ય કારોબારી ઉછાળ નહોતો. સવાલ માત્ર ડોલો-૬૫૦નો જ નથી, બલ્કે દેશમાં દવા કારોબારના નિયમનનો છે. સરકાર પાસે આ સંબંધે કોઈ સમાવેશી નીતિ છે જ નહીં. એવું કેમ છે? તેને બે લાખ કરોડથી વધારેના દવા અને ઉપકરણ કારોબારમાં સમાયેલાં હિતોના પ્રકાશમાં પણ સમજવાની જરૂર છે. ફક્ત ડોક્ટરો પર સવાલ ઉઠાવીને આપણે આ સંવેદનશીલ બાબતને છીછરી બનાવવાની કોશિશ કરી રહ્યા છીએ. સવાલ ફક્ત ડોક્ટરોના નૈતિક પક્ષનો નથી, સરકારની નીતિઓનો પણ છે.

દેશમાં દવાનો કારોબાર નિયંત્રણ અને નિયમનનું કામ ડિપાર્ટમેન્ટ ઓફ ફાર્માસ્યુટિકલને આધીન છે. તે રસાયણ મંત્રાલય અંતર્ગત કામ કરે છે. એક અન્ય નિગમ છે રાષ્ટ્રીય ઔષધિ મૂલ્ય નિયંત્રણ ઓથોરિટી, પરંતુ તે દંડાત્મક શક્તિઓ ધરાવતું નથી. દવાના ભાવ નિયંત્રણ માટે અસલમાં કોઈ એકીકૃત કાનૂની વ્યવસ્થા જ નથી. ઔષધિ અને સૌંદર્ય પ્રસાધન કાયદો ૧૯૪૦ અંતર્ગત આ કારોબારને વિનિયમિત કરવામાં આવે છે. કાનૂની સ્થિતિ એ છે કે ફાર્મા એકમ બેઝિક દવાઓના ભાવ નિર્ધારિત કરે છે. દવા કંપનીઓ આ બેઝિક દવાઓમાં એક-બે વધારાનું સોલ્ટ ઉમેરીને નવી બ્રાન્ડ બજારમાં ઉતારી દે છે અને તેની મનમાફક કિંમત વસૂલે છે. એક બીજો અસ્પષ્ટ પક્ષ એ છે કે સરકારના નિગમ ફક્ત ૫૦૦ એમજી સુધીની દવાના ભાવ નક્કી કરે છે, તેનાથી ઉપર નહીં. માનવામાં આવે છે કે ડોલો બનાવનારી કંપનીએ આજ જોગવાઈનો ફાયદો ઉઠાવીને ૬૫૦ એમજીની નવી રેન્જ બજારમાં ઉતારી. ૫૦૦ એમજીની એક સ્ટ્રીપ ૨૦૧૩માં ૫.૧૦ રૂપિયાની હતી, જ્યારે આજે બજારમાં ૬૫૦ એમજીની કિંમત ૩૦.૯૧ રૂપિયા છે. આરોપ એ પણ છે કે ૬૫૦ એમજી ડોલો તાવ કે શરીરના દુઃખાવામાં ૫૦૦ એમજી કરતાં વધુ કારગત હોવાના કોઈ પુરાવા મેડિસિન ટેક્સ્ટ બુકમાં નથી જોવા મળ્યા. હવે આ મામલે પોતપોતાના પક્ષ હોઈ શકે છે કે ૬૫૦ એમજી કારગત રહી કે તેના દુષ્પ્રભાવ કિડની, લિવર પર પડ્યા, પરંતુ નીતિગત રૂપે મોટો સવાલ તો દવા કંપનીઓની નૈતિકતા સાથે જોડાયેલો છે.

## આર્થિક કટોકટી : રૂપિયો ૮૦ નજીક, ભારતનું ફોરેક્સ રિઝર્વ ૨ વર્ષના તળિયે

મુંબઈ,તા.૨૭

ફરી એક વખત દેશની ફોરેન કરન્સી એસેટમાં ઘટાડો થયો છે. ભારતના વિદેશી હૂંડિયામણ અનામતમાં સતત ત્રીજા સપ્તાહે ઘટાડો નોંધાયો છે. ૧૯ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ પૂરા થયેલા સપ્તાહ દરમિયાન ભારતના વિદેશી મુદ્રા ભંડારમાં ૬.૬૮ અબજ ડોલરનો જંગી ઘટાડો થયો છે. અગાઉ ૧૨ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ પૂરા થયેલા સપ્તાહ દરમિયાન વિદેશી મુદ્રા ભંડારમાં ૨.૨૩ અબજ ડોલરનો ઘટાડો થયો હતો.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના સાપ્તાહિક રિપોર્ટ અનુસર ૧૯ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ પૂરા થયેલા સપ્તાહ દરમિયાન દેશનું વિદેશી મુદ્રા ભંડાર ૬.૬૮૭ અબજ ડોલર ઘટીને ૫૬૪.૦૫૩ અબજ ડોલર થયું છે. અગાઉ ૧૨ ઓગસ્ટે તે ૨.૨૩ અબજ ડોલર ઘટીને ૫૭૦.૭૪ અબજ ડોલર પર આવી ગયું હતું. ૫ ઓગસ્ટના રોજ પૂરા થયેલા સપ્તાહમાં પણ તેમાં ઘટાડો થયો હતો. જો કે ૨૯ જુલાઈના રોજ પૂરા થયેલા સપ્તાહ દરમિયાન વિદેશી મુદ્રા ભંડાર ૨.૪ અબજ ડોલર વધીને ૫૭૩.૮૭૫ અબજ ડોલર થયું હતુ. આ અગાઉના સતત ચાર સપ્તાહ સુધી દેશના વિદેશી મુદ્રા ભંડારમાં ઘટાડો થયો હતો.

આ સાથે ભારતનું વિદેશી મુદ્રા ભંડાર બે વર્ષના તળિયે પહોંચ્યું છે અને રશિયાના યુક્રેન પરના અતિક્રમણના અત્યાર સુધીના ૨૬ સપ્તાહમાંથી ૨૦ સપ્તાહમાં ઘટાડો નોંધાયો છે.

૧૯ ઓગસ્ટના રોજ પૂરા થયેલા સપ્તાહમાં વિદેશી મુદ્રા ભંડારમાં ઘટાડો થવાનું મુખ્ય કારણ ફોરેન કરન્સી એસેટમાં ઘટાડો છે. શુક્રવારે જાહેર કરાયેલા સાપ્તાહિક ડેટા અનુસાર ફોરેન કરન્સી એસેટ ૫.૭૭ અબજ ડોલર ઘટીને ૫૦૧.૨૧૬ અબજ ડોલર થયું છે.

સમીક્ષા હેઠળના સપ્તાહમાં સોનાના ભંડારનું મૂલ્ય ૭૦.૪ કરોડ ડોલર ઘટીને ૩૯.૯૧૪ અબજ ડોલર થયું છે. અગાઉના સપ્તાહમાં તે ૩૦.૫ કરોડ ડોલર વધીને ૪૦.૬૧ અબજ ડોલર થયું હતું.

ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ પાસે રહેલ સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૧૪.૬ કરોડ ડોલર ઘટીને ૧૭.૯૮ અબજ ડોલર થયા છે. જ્યારે આઈએમએફ પાસે રાખેલ દેશનું ચલણ ભંડાર પણ ૫.૮ કરોડ ડોલર ઘટીને ૪.૯૩૬ અબજ ડોલર થયું છે. અગાઉના સપ્તાહ દરમિયાન તેમાં ૭૦ લાખ ડોલરનો વધારો થયો હતો.

## ભાજપમાં વડાપ્રધાન માસ્ટર છે ,અમિત શાહ કોઈ નિર્ણય નથી લેતા : સુબ્રમણ્યમ સ્વામી

નવીદિલ્હી,તા.૨૭

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા સુબ્રમણ્યમ સ્વામીએ કહ્યું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભાજપમાં માસ્ટર જેવા છે. તેઓ પાર્ટીની અંદર લેવાયેલા નિર્ણયો પર અંતિમ મહોર લગાવે છે, જ્યારે કેન્દ્રીય ગૃહ પ્રધાન અને તેમના નજીકના સહયોગી માનવા આવતા અમિત શાહ માત્ર નિર્ણયોને લગતી દરખાસ્તો મુકે છે તેઓ નિર્ણયો નથી લેતા.

સ્વામીએ યુટયુબ ચેનલ પર ચર્ચા દરમિયાન હોસ્ટ શ્રી અય્યરની સામે આ વાતો કહી હતી. બંને વચ્ચે ચર્ચા ચાલી રહી હતી કે આખરે ભાજપ શેનાથી ડરે છે. અય્યર વતી આ મુદ્દો ઉઠાવ્યા બાદ અને સંબંધિત પ્રશ્નો પૂછ્યા બાદ બીજેપી નેતાએ કહ્યું- આજે બીજેપીમાં એવું કંઈ નથી. જ્યારથી નરેન્દ્ર મોદી પીએમ બન્યા છે ત્યારથી પાર્ટીમાં સંગઠનાત્મક બાબતોને લગતી ચૂંટણીઓ થઈ નથી. અગાઉ નેતાઓ અને નાયબ નેતાઓ ચૂંટણી દ્વારા ચૂંટાતા હતા, પરંતુ નરેન્દ્ર મોદી ભાજપમાં માસ્ટર છે.

સ્વામીએ કહ્યું કે, "અમિત શાહ પાર્ટીમાં કોઈ નિર્ણય લેતા નથી. તેઓ નિર્ણયનો પ્રસ્તાવ મૂકે છે પરંતુ પીએમ મોદી અંતિમ નિર્ણય લે છે અથવા તેમના પર મહોર મારી દે છે. આવી સ્થિતિમાં, તે આજે નરેન્દ્ર મોદી દ્વારા સંચાલિત પાર્ટી છે. નિર્ણયો પણ લેવામાં આવી રહ્યા છે. તે એડહોક ધોરણે લેવામાં આવે છે. તે નિર્ણયો શ્રી મોદીને પૂછ્યા પછી જ લેવામાં આવે છે. પીએમને પણ ગમે છે કે આ વસ્તુ (નિર્ણય લેતા પહેલા તેમને પૂછવું) અનુસરવામાં આવે છે."

બીજેપી નેતાના કહેવા પ્રમાણે, આવી સ્થિતિમાં તમે જે સાંભળી રહ્યા છો અને જોઈ રહ્યા છો તે કોઈ લોકતાંત્રિક પક્ષનો અવાજ નથી. બાય ધ વે, જ્યારે સ્વામી આ બધું કહેતા હતા ત્યારે અય્યર શરૂઆતમાં (ખાસ કરીને અમિત શાહના ઉલ્લેખ દરમિયાન) હસતા હતા. ભાજપના સુબ્રમણ્યમ સ્વામી હાલમાં વિરાટ હિન્દુસ્તાન સંગમના અધ્યક્ષ છે. આ સિવાય તેઓ કેબિનેટ મંત્રી અને છ વખત સાંસદ પણ રહી ચૂક્યા છે. ભૂતપૂર્વ પ્રોફેસર હોવા ઉપરાંત, તેમણે હાર્વર્ડ યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્રમાં પીએચડી કર્યું છે.

જો કે, સ્વામી પીએમ મોદી અને ભાજપની કાર્યશૈલી, નીતિઓ અને નિર્ણયોને લઈને સમય-સમય પર પોતાનો ઝડપી અભિપ્રાય વ્યક્ત કરતા રહ્યા છે. આ સમયગાળા દરમિયાન તેમણે વારંવાર પોતાના પક્ષ અને સરકારની ટીકા કરી છે, પરંતુ પાર્ટી સામાન્ય રીતે તેમના હુમલાઓનો જવાબ આપતી જોવા મળતી નથી.

## હું તો ભાજપવાળા સામે આવે તો મારી ભાષામાં ગાળ પણ બોલી નાંખીશ.:જૂનાગઢના ધારાસભ્ય

જૂનાગઢ,તા.૨૭

જૂનાગઢમાં કોંગ્રેસના ધારાસભ્ય બાબુ વાજાનો વાણીવિલાસ જોવા મળ્યો છે. તેમણે ભાજપ પર આકરા પ્રહાર કરતા વાણીવિલાસ કર્યો છે. કોંગ્રેસના મેનીફેસ્ટો કાર્યક્રમમાં બાબુ વાજાએ અપશબ્દોનો પ્રયોગ કર્યો. કોંગ્રેસની ધારાસભ્યોની ભાજપમાં જોડાવવાની વાત પર બાબુ વાજા ભડક્યા હતા, અને કહ્યું હતું કે, સામે આવે તો હું તો ગાળો પણ આપું. કોંગ્રેસ ધારાસભ્ય ભાજપ ઉપર ભડક્યા હતા. બેફામ વાણી વિલાસ સાથે કોંગ્રેસના ધારાસભ્ય બાબુ વાજાએ અપશબ્દ પણ કહ્યા હતા. માંગરોળ ધારાસભ્ય બાબુભાઈ વાજાએ જુનાગઢમા યોજાયેલ કોંગ્રેસના મેનિફેસ્ટો કાર્યક્રમમા ભાજપ ઉપર અપશબ્દનો મારો ચલાવ્યો હતો. તેઓ ભાજપનો ઉલ્લેખ થતા જ ભડક્યા હતા.

ધારાસભ્ય બાબુભાઈ વાજાએ ભાજપ વિશે અપશબ્દો કહ્યાં. આથી તેઓ અટક્યા ન હતા, અને ભાજપે લુખ્ખા લૂંટારા પણ કહ્યા હતાં. જે રીતે છેલ્લા ઘણા સમય થી સૌરાષ્ટ્રના ૭ ધારાસભ્યોના ભાજપમાં જોડાવાની વાત ઉડી હતી.


### પ્રયાગરાજમાં ગંગા-યમુનાએ ખતરાની સપાટી વટાવી

## વહેણને કારણે એકલા શહેરી વિસ્તારના ત્રણ ડઝનથી વધુ વિસ્તારોમાં પૂરના પાણી ઘૂસી ગયા

પ્રયાગરાજ,તા.૨૭

પ્રયાગરાજના સંગમ શહેરમાં ગંગા અને યમુના બંને નદીઓ વહેતી છે. બંને નદીઓ ખતરાની સપાટી વટાવી ગઈ છે અને હવે જબરદસ્ત વિનાશ કરી રહી છે. જોખમની સપાટી વટાવી જવા છતાં બંને નદીઓના જળસ્તરમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્રણ દિવસ સુધી બંને નદીઓના જળસ્તરમાં વધુ વધારો થવાની આશંકા છે. નદીઓના વહેણને કારણે એકલા શહેરી વિસ્તારના ત્રણ ડઝનથી વધુ વિસ્તારોમાં પૂરના પાણી ઘૂસી ગયા છે.લોકોની મદદ માટે એનડીઆરએફની ટીમો પૂરમાં ફસાયેલા લોકોને શેરીઓમાં બોટિંગ કરીને બચાવી રહી છે અને તેમને સુરક્ષિત સ્થળોએ લઈ જઈ રહી છે.એનડીઆરએફએ પૂરમાં ફસાયેલા ૨૬ લોકોને બચાવ્યા અને તેમને સુરક્ષિત સ્થળોએ ખસેડ્યા. ડીએમ પ્રયાગરાજ સંજય ખત્રી ગ્રાઉન્ડ ઝીરો પર ઉતરીને પૂર પીડિતોની મદદ કરી રહ્યા છે. તેમની સાથે શહેર ઉત્તરના બીજેપી ધારાસભ્ય હર્ષવર્ધન બાજપાઈ પણ દ્રઢઈહ્વ બોટ દ્વારા પૂરમાં ફસાયેલા લોકો સુધી રાહત સામગ્રી પહોંચાડી રહ્યા છે.પ્રયાગરાજમાં પૂરના કારણે અનેક રહેણાંક વસાહતોમાં પાણી ભરાઈ ગયા છે. અનેક રસ્તાઓ અને રસ્તાઓ પૂરના પાણીમાં ડૂબી ગયા છે. થોડા દિવસો પહેલા જે માર્ગો પર વાહનો ઝડપથી દોડતા હતા તે માર્ગો પર હવે બોટ દોડી રહી છે. સંગમની આસપાસનો સમગ્ર વિસ્તાર પૂરના પાણીમાં ડૂબી ગયો છે. પૂરના પાણીએ તમામ મઠો, મંદિરો અને આશ્રમોને આવરી લીધા છે. ગંગા યમુના અને અદ્રશ્ય સરસ્વતીના ત્રિવેણી સંગમમાં શ્રધ્ધાથી ડૂબકી મારવાની ઈચ્છા સાથે દરરોજ પ્રયાગરાજ આવતા હજારો શ્રદ્ધાળુઓને હવે રસ્તા પર વહેતી ગંગામાં ડૂબકી માર્યા બાદ નિરાશા વચ્ચે પાછા જવું પડી રહ્યું છે. દારાગંજ- છોટા બઘડા- બડા બગડા- કારેલાબાગ- ગૌસ નગર, સલોરી- ગોવિંદપુર- શિવકુટી- રસુલાબાદ- રાજાપુર- ગંગાનગર- અશોકનગર- દ્રૌપદી ઘાટ- નિવા- જેકે કોલોની સહિત ત્રણ ડઝનથી વધુ મોહલ્લા મહોલ્લા તળાવો કિનારે બાંધવામાં આવ્યા છે. ગંગા ઘણી જગ્યાએ તો ઘરોનો આખો માળ પણ ડૂબી ગયો છે. હોડીઓ શેરીઓ અને ગલીઓમાં દોડી રહી છે.બીજી તરફ, શહેર ઉત્તરના બીજેપી ધારાસભ્ય હર્ષવર્ધન બાજપાઈએ કહ્યું છે કે સરકાર પૂર પ્રભાવિતોને શક્ય તમામ મદદ કરી રહી છે. પરંતુ તેની ટેકનિકલ ફિઝિબિલિટી યોગ્ય જણાઈ ન હતી.તેમણે કહ્યું છે કે હવે નાના ડેમ બનાવીને પૂરનું જોખમ ઘટાડવાના પ્રયાસો કરવામાં આવશે. ભાજપના ધારાસભ્યએ કહ્યું છે કે સીએમ યોગી આદિત્યનાથે પણ પૂર પીડિતોની મદદ કરવાનો નિર્દેશ આપ્યો છે.

# આન્યા મૃણાલ- પ્રકરણ ૬/ રાજુલ કૌશિક




મૃણાલ અને કૈરવની એ પ્રથમ મુલાકાત હતી. કૈરવમાં પોતાની વાતથી સામેની વ્યક્તિને આંજી દેવાની આવડત હતી.

કૈરવ નરસી મોનજીમાંથી માસ્ટર્સ ઓફ ફેમિલી બિઝનેસમાં ગ્રેજ્યુએટ થયા પછી એ પાછો આવીને અજયભાઈના બિઝનેસમાં જોડાઈ ગયો હતો. અજયભાઈએ પણ એને લગભગ પાયાથી શરૂ કરીને બિઝનેસની તમામ બારીકી સમજાવી હતી સરળ સ્વભાવના અજયભાઈ માનતા કે બિઝનેસની સફળતા માત્ર એના ફેલાવાથી માપી ન લેવાય. એનો પાયો મજબૂત હોવો જોઈએ અને આ પાયો એટલે કે ઈન્ડસ્ટ્રીમાં કામ કરતા મેનેજરથી માંડીને નાનામાં વર્કરનો સંતોષ. ક્યાંક પણ જો એમાં ઓછપ આવે તો એ આખી ઈમારતને ઉધઈની માફક કોરી ખાય. આ સમજ એમણે કૈરવ બિઝનેસમાં જોડાયો એ દિવસથી આપી હતી. જ્યાં સુધી બિઝનેસની વાત આવતી ત્યાં સુધી એ અજયભાઈની તમામ વાતોને ગણીને ગાંઠે બાંધતો એટલે એક બિઝનેસમેન તરીકે એ જામતો જતો હતો. પાયાથી માંડીને ફેલાવા સુધી એની નજર રહેતી. જે રીતે એણે બિઝનેસને સંભાળવા માંડ્યો હતો એનાથી અજયભાઈને એનામાં વિશ્વાસ ઉભો થવા માંડ્યો હતો. એટલે ધીમે ધીમે એમણે પોતાના હોદ્દાને એડવાઈઝરી કમિટી પૂરતો સીમિત કરવા માંડ્યો હતો. જરૂર પડે કૈરવ અજયભાઈની સલાહ ચોક્કસ લેતો અને એને એક્શનમાં મૂકતો પણ ખરો.

પણ જ્યાં એ એને ઑફિસમાંથી એક વાર બહાર નીકળ્યો એટલે એ સદંતર બદલાઈ જતો. મૂળે એના સ્વભાવમાં એની મમ્મી માધવીબેનની છાયા હતી. અનેક બાધા આખડીઓ પછી એમનો ખોળો ભરાયો હતો.

"હે ભગવાન ! આ આખા વારસાને સંભાળનાર આપજે." પહેલેથી જ એમને મન દીકરાનું જ મહત્વ હતું. ભગવાને એમનું સાંભળ્યું અને પહેલે ખોળે જ અજયભાઈના વારસાને સંભાળનાર આપી દીધો હતો. કૈરવના આવ્યા પછી જે રીતે અજયભાઈનો બિઝનેસ ફાલ્યો હતો એ જોઈને માધવીબેને કૈરવને બત્રીસ લક્ષણો જાહેર કર્યો હતો. "રંગે રૂડો રૂપે પૂરો, દિસંતો કોડિલો કોડામણો" એવા કૈરવ માટે પાણી માંગે ત્યાં દૂધ હાજર થવું જોઈએ એવું એમનું ફરમાન હતું. ક્યારેક આટલા બધા લાડકોડ ભારે પડશે એવુ અજયભાઈને લાગતું પણ માધવીબેન અજયભાઈનું કશું જ કાને ધરતા નહીં. અજયભાઈ પણ એ વર્ષોમાં બિઝનેસને જમાવવામાં એટલા રચ્યા પચ્યા રહેતા કે જેટલો સમય એ ઘરમાં હોય ત્યારે બને ત્યાં સુધી એ માધવીબેન સાથે દલીલમાં ઉતરવાના બદલે કૈરવને પોતાની રીતે કેળવવા મથતા.

આમ કૈરવ અજયભાઈની આવડત અને માધવીબેનના અહંકારનુ પરફેક્ટ કોમ્બિનેશન હતો. આજે અત્યારે પણ નિફ્ટના આ ઈવેન્ટને એણે સ્પોન્સર કરી હતી એટલે સૌ કોઈ એને જાણતું જ હશે એવું માની લીધુ હતું અને માની લે તો એમાં ખોટુ પણ નહોતુ કારણકે ઈવેન્ટ શરૂ થયા પહેલા અને અંતમાં પણ અજય ટેક્સટાઈલ અને ગ્રુપ ઓફ અજય ઈન્ડસ્ટ્રિઝના નામ સાથે એ ગ્રુપના ચેરમેન તરીકે કૈરવનુ નામ એનાઉન્સ થયું જ હતું.

મૃણાલની અસભાનતા માટે સહેજ.. બસ સહેજ અમસ્તો જ એના અહંમ પર છરકો તો થયો હતો. જ્યાં એની સાથે હસ્તધૂનન કરવા માટે ,એની સાથે વાત કરવા માટે પડાપડી થતી હોય ત્યાં કોઈએ એને આમ ધ્યાન પર લીધો નહોતો એ વાત જરા ચણચણી રહી હતી પણ હાલમાં મૃણાલનું વ્યક્તિત્વ અને એની ચારેબાજુ છવાયેલી વાહ વાહથી એ થોડો અંજાયેલો હતો એટલે એણે એણે મનથી પરથી એ વાત ખંખેરીને મૃણાલ તરફ ધ્યાન પોરવ્યું.

સાદી ઓળખથી શરૂ થયેલી વાતચીત ફોર્મલ ડિનર સુધી લંબાતી ગઈ. કૈરવની વાતો અને વ્યક્તિત્વથી બિલકુલ અંજાયા વગર મૃણાલ એની સાથે સહજ વાતો કરતી રહી. વચ્ચે વચ્ચે કૈરવને મળવા તો મૃણાલને અભિનંદન આપવા તો કોઈ મૃણાલને જોબ ઓફર લઈને કે પોતાના બુટિકમાં પાર્ટનરશિપ માટે મળવા અનેક લોકો આવતા રહ્યા. હવે મૃણાલને કૈરવ એક જાહેર હસ્તી છે એનો ખ્યાલ આવતો ગયો. તો કૈરવને મૃણાલ ભવિષ્યની જાહેર હસ્તી બનવાની છે એનો અણસાર આવતો ગયો.મોડી રાત્રે બંને છૂટાં પડ્યાં ત્યારે કૈરવ એના મનમાં એક નિશ્ચય લઈને નીકળ્યો જેનાથી એ આખી રાત ઉંઘી ના શક્યો અને એના એ નિશ્ચયથી અજાણ મૃણાલ આખી રાત નિરાંતે ઉંઘતી રહી.

આલેખનઃ રાજુલ કૌશિક

# મોત તું એક કવિતા

આજ ૨૫ મી ઓગષ્ટ છે. ઓગષ્ટ ૨૫, ૧૯૮૧ ના દિવસે અંકૂર શાહનો જન્મ! માતા સુધા શાહ અને પિતા ઈન્દ્રવદન શાહ. અંકૂર વિષે મારે શા માટે લખવું જોઈએ? કારણકે અંકૂર કોઈપણના જીવનની પ્રેરણા બની શકે છે. અંકૂરનો જન્મ સ્કૉકી ઈલિનોઈસ, યુ એસ એ માં થયેલો. અંકૂર નાનપણથી જ શાંત હતો અને બીજા માટે કુરબાની આપવા તૈયાર રહેતો. એની નાની બહેન પ્રીતિ સાથે એને કોઈ ઝગડાં થતાં નહીં. પણ દરેક બાબતમાં એ પ્રીતિને મદદરૂપ થતો. એક નાનો પ્રસંગ યાદ આવે છે ! શિકાગોની માઈનસ ઠંડીના દિવસોની વાત છે. અંકૂર ચાર વર્ષનો હતો, જ્યારે પ્રીતિ સવા વરસની હતી. એ દિવસ ઘરમાં દૂધ ખતમ થઈ ગયું. ઈંદુભાઈ જોબ પર ગયેલા , સુધા એકલી બે બાળકો સાથે ઘરમાં હતી. માઈનસ ડિગ્રી તાપમાન માં નાની બાળકીને લઈને નીકળવું મુશ્કિલ હતું. દૂધ લેવા જવા માટે અંકૂરભાઈ તૈયાર થઈ ગયા. ચાર વર્ષનો અંકૂર માઈનસ ડિગ્રી તાપમાન અને કોટ, મોજા, હાથમોજા અને ટોપી પહેરીને ભાઈ દૂધ લેવા ઉપડ્યા. સુધાએ શિખામણ આપી, રસ્તો ઓળંગતી વખતે ધ્યાન રાખવું. બે બ્લોક દૂર ગેસ સ્ટેશન હતું. એક નાનું દૂધનું પેકેટ લઈને આવ્યો. ગેસ સ્ટેશનવાળાએ પૂછ્યું એકલો આવ્યો છે? એને હા ભણી . બહેન દૂધ સિવાય બીજું ખાતી પીતી નથી. ગેસસ્ટેશનવાળાએ એને કૂકીઝ અને ચોકલેટ આપી ખુશ કરી દીધો.

અંકૂર મોટો થતો ગયો એમ ખૂબ બુદ્ધિમાન અને લાગણીશીલ થતો ગયો. એને બાયોલોજી અને ઈકોનોમિક્સ બેચલર કર્યું. પછી પેટન્ટ લોનું પણ કરવાની ઈચ્છા કરી. પણ ૨૦૦૮માં એક આઘાતજનક સમાચાર મળ્યા. અંકૂરના બ્રેઈનમાં ટ્યુમર હતું. એ ટ્યુમર કેન્સરસ નીકળ્યું. ક્યાં માબાપે આવું ધાર્યું હોય કે જવાન, દેખાવડો એક નજરમાં કોઈને પણ ગમી જાય એવો દીકરો આવી બીમારીમાં સપડાઈ જશે ? બંને ઉદાસ થઈ ગયાં ! પણ અંકૂર બિલકુલ શાંત હતો. એને ગુગલ કરી કરીને પોતાની બીમારીની એક ફાઈલ બનાવી. એને ખબર હતી કે લાંબુ નહિ જીવે પણ જેટલું જીવવું એ ખુશી ખુશીથી જીવવું એવું એને નક્કી કર્યું હતું. એના બ્રેઈનની સર્જરી થઈ. જેમાં એની એક આંખ કાઢવી પડી. અઢાર કલાક સર્જરી ચાલી.હવે રેડિએશન આપવાનું હતું. કારણકે રેગ્યુલર રેડિએશન થેરાપીમાં બીજી આંખ જવાની શક્યતા હતી. તેથી ન્યુટ્રોન રેડિએશન આપવા માટે અને ઈન્દુભાઈ એને સીયાટલ લઈ ગયાં. ત્યાં એપાર્ટમેન્ટ ભાડે રાખી બે મહિના રહયાં. બેચાર વાર સીયાટલ જવું પડ્યું. હવે હોસ્પિટલ અને ઘરનાં ધક્કા ચાલુ થઈ ગયાં. પણ અંકૂર સદા હસતો હોય. ડોક્ટર્સ અને નર્સ સાથે આખી દુનિયાની વાતો કરતો હોય. કારણકે એ જ્ઞાન મેળવવા માટે ચાઈના જવું પડે તો જાય એમ હતો. વર્લ્ડ હિસ્ટ્રી, પોલિટિક્સ,દરેક વિષયમાં જ્ઞાન નો ભંડાર હતો. કોઈપણ વિષય પર એ વાત કરી શકે. દુનિયા ફરવાનો શોખ હતો. પણ હજુ ભણતર પૂરું થયું ના હતું અને ઓલ્સ્ટેટ માં જોબ મળી હતી. પણ આ આઘાતજનક સમાચારે બધાં સપનાં પર પાણી ફેરવી દીધું. પણ અંકૂર ઘરમાં કોઈને નિરાશ થવા દેતો નહોતો.

ઈન્દુભાઈ અને સુધા એક દિવસ અંકૂરને મારા ઘરે લઈને આવેલા, મેં નાસ્તામાં દાળવડાં બનાવેલા. અંકૂરે એ દળાવડાંના એટલાં બધાં વખાણ કર્યા કે મને ખૂબ સારું લાગ્યું. પણ મને લાગ્યું હતું કે મને ખુશ કરવા વખાણ કરે છે. પણ સુધાએ પછી મને જણાવ્યું કે જ્યારે જ્યારે અમે દાળવડાં બનાવીએ અંકૂર તરત કહે, 'મમ્મી આન્ટી જેવાં નહિ હો!' ત્યારે મને ખબર પડી કે એ કેટલો સિન્સિયર હતો. પ્રમાણિકપણે એને વખાણ કરેલા!૨૦૧૨માં એ કીમો રેડિયેશનથી થોડો મુક્ત થયો તો એને ભારત જવાની ઈચ્છા પ્રગટ કરી. એ નાનો હતો ત્યારે સુધા સાથે ભારત ગયો હતો પણ ફરી છેલ્લીવાર વતન જવાની ઈચ્છા હતી. ઈન્દુભાઈ અને અંકૂર બંને ચાર અઠવાડિયા માટે ભારત ગયાં. ચાર અઠવાડિયા પિતા સાથે ખૂબ સુંદર સમય વિતાવ્યો. એ લોકો બેંગ્લોર,સાઉથ ઈન્ડિયા, ગીરના જંગલ,અમદાવાદ ,. તિરૂપતિ તેમજ મહાવીર સેન્ચ્યુરી ગયા જે વેસ્ટ ગોવામાં આવેલું છે, જ્યાં લગભગ ત્રણ કિલોમીટર જેવું જંગલમાં ચાલવાનું હોય છે અંકૂર ત્યાં ચાલીને ગયો. એ ટુરિસ્ટ ની જગ્યા છે. એક ધોધ જોવાનો હતો તે જોઈને અંકૂર ખૂબ ખુશ થઈ ગયો. એને કુદરત સાથે એટલો લગાવ હતો.ઈન્દુભાઈ અને સુધાના બધાં મિત્રોને ખૂબ માન અને ઈજ્જત આપે. એકવાર ઈન્દુભાઈના ચાર મિત્રો અંકૂરની ખબર પૂછવાં આવ્યાં . બધાં બેઠાં હતાં. સુધાએ ચા બનવાવા કહ્યું પણ મિત્રોએ ના કહી. થોડીવાર પછી એ જવાં માટે ઉઠ્યાં. તો અંકુરે એમને કહ્યું કે ચા પીધા વગર તો નહિ જવા દે, મમ્મીને કહ્યું કે ચા બનાવે. મિત્રોને અંકૂરના આગ્રહને વશ થઈ ચા પીવી પડી. આ રીતે બધાની સાથે પ્રેમ વહેંચતો રહ્યો. આમ નાનપણથી જ એ જુદી માટીથી ઘડાયેલો હતો. એનો આત્મા કોઈ પવિત્ર ઋષિ જેવો હતો. ગુસ્સો તો જરાપણ એના સ્વભાવમાં ના હતો. છેલ્લા એક મહિનામાં એની તબિયત થોડી વધારે બગડી હતી. પણ જીવનથી ભરપૂર અંકૂર બોટનિક ગાર્ડનમાં બાળગીતોની કોન્સર્ટમાં ગયો. એક મ્યુઝિકલ ગ્રુપ આવેલું, જ્યારે એ લોકોએ બાળ ગીતો ગાયાં તો બાળકની જેમ ડાન્સ કરી પોતાની ખુશી બતાવી.એના સાત આઠ જેટલાં મિત્રો હતાં. એ બધાંને અંકૂરે પોતાની ગંભીર હાલતની ખબર ના પડવા દીધી. બધાં મિત્રો એને ઘરે આવતા અને આનંદ લઈને જતાં. કોઈની આંખમાં એને આંસુ નહોતા જોવાં. એક મહિનો બાકી હતો મૃત્યુને, ભલા એને કોઈ ઈશ્વરી સંકેત મળતો હશે. એને માને બોલાવી,' મા , મારે તારી સાથે વાત કરવી છે.' માનો હાથ હાથમાં લીધો અને કહ્યું,' મા , આપણે મૃત્યુ પછી કેટલા દિવસ સોગ મનાવવાનો હોય છે?' મા શું બોલે? મા એ કહ્યું, 'બેટા, વૃદ્ધ હોય તો ત્રણ દિવસ અને જો જવાન હોય તો એનો સોગ તો જીવનભરનો!' અંકુરે માનો હાથ ચૂમીને કહ્યું,' મા તું મને વચન દે કે તું મારો સોગ નહિ મનાવે, તમે તમારી જિંદગી જે રીતે જીવો છો તેજ રીતે જીવશો, સારા કપડાં પહેરશો, પાર્ટીઓમાં જશો અને રેસ્ટોરન્ટમાં જમવા જશો મિત્રોને મળશો! મા, મને વચન દે! તમારી જિંદગી ઉદાસીમાં પસાર નહિ કરો, ખુશી ખુશી જીવશો. આપણે બધાં મુસાફર છીએ બધાની મુસાફરીનો અંત આવવાનો છે. કોઈનો વહેલો કોઈનો મોડો!'જ્યારથી અંકૂરને આ બીમારી લાગી ઈન્દુભાઈએ એમની સાથે સાથે જ રહેતા . બાપ અને દીકરો અલકમલકની વાતો કરે. ઈન્દુભાઈ જ્યારે ડોક્ટર્સ અને નર્સની પાસે અંકૂરને લઈ જતા એમને ત્યારે જાણ થઈ કે એના દીકરાની પાસે સાગર જેટલું જ્ઞાન હતું. છેલ્લા ત્રણચાર દિવસ એનું ખાવાનું બિલકુલ બંધ થઈ ગયું. મેડિસિન પણ ભુક્કો કરીને આપવી પડતી હતી. બ્રેઈનના આ કેન્સરમાં માથામા સખત દુખાવો થાય છે. જે આ દીકરો સહન કરતો હતો અને હસતું મુખ રાખતો હતો. છેલ્લાં બેત્રણ દિવસ બાકી હતાં , સુધાએ બધાં સગાવહાલાને જાણ કરી દીધી હતી. ધીરે ધીરે ઘર ભરાવાં લાગ્યું. હવે અંકૂર બોલી શકતો નહોતો. એ ઓગષ્ટ ૩, ૨૦૧૪ નો દિવસ હતો. ઘરમાં આવેલાં બધાં મહેમાનોને પગે લાગ્યો. એની કઝીનનો દીકરો ફક્ત ચાર વર્ષનો નો હતો એને પણ પગે લાગ્યો. પછી એ થાકી ગયો તો ઈન્દુભાઈ એને સૂવા લઈ ગયા. એને ચા પીવી ગમતી, ગળામાંથી અવાજ નીકળતો ના હતો પણ 'ચા' એવું બોલ્યો. ગળામાં ડ્રોપરથી સુધાએ ચા પીવડાવી! ઈન્દુભાઈ તે રાતે એની સાથે એક પથારીમાં સૂઈ ગયા. નર્સને બોલાવી લીધી. સુધા નવકાર મંત્રનું પઠન કરવા બેઠી. અંકૂર રોજ સૂતા પહેલા લતા મંગેશકરના અવાજમાં મંત્ર સાંભળી સૂઈ જતો. એ કેસેટ સુધાને ના મળી. એની કઝીન સી.ડી બનાવીને લઈ આવી અને અંકૂરના ચહેરા પર શાંતિ છવાઈ ગઈ. બીજા દિવસે ઓગષ્ટ ૪ , ૨૦૧૪ નાં દિવસે બપોરે એને દેહ છોડી દીધો. એના ચહેરા પર પરમ શાંતિ હતી. ના તો દુનિયા છોડી જવાનું દુઃખ, ના તો માબાપની ચિંતા! એક અલૌકિક દિવ્ય તેજ એના ચહેરા પર હતું.બીજા દિવસે ફ્યુનરલ હોમમાં એની અંતિમ વિદાય રાખવામાં આવી. ત્યાં ઈન્દુભાઈના સ્વસ્થ અવાજમાં દીકરાને અંતિમ વિદાય દેતા સાંભળ્યા ત્યારે ઈન્દુભાઈ અને સુધા સિવાય બધાંની આંખમાં આંસુ હતાં . એ દિવ્ય આત્મા આ લોકમાં ભૂલો પડ્યો હતો. એ બધાંને પ્રેમ અને પ્રેરણા આપી વિદાય થઈ ગયો. અંકૂર તું મારો ગુરુ બની ગયો છે. આનંદ મુવીના રાજેશ ખન્ના એ મુવી બનાવ્યું, પણ તું એ જીવન જીવી ગયો. અંતમાં 'અંકૂર કભી મરતે નહીં, અંકૂર મરા નહીં કરતે, વો તો પૌધેમે એક કે બાદ એક નિકલા કરતે હૈ, ઔર ખુશ્બુ ફેલાતે રહેતે હૈ!'

સપના વિજાપુરા.અમેરિકા

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001